**મ્હેરબાન કેશોદના એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની અદાલત સમક્ષ,મું. કેશોદ.**

**ફોજદારી કેસ નં.– ૮૭/૨૦૨૬**

**આંક : –**

શ્રી સ ર કા ર . . . ....ફરિયાદી

**<u>વિરૂઘ્ધ</u>**

કિશનભાઈ કનુભાઈ સોલંકી ....આરોપી

**<u>ગુન્હો :– ભારતીય દંડ સંહિતાની કલમ – ૨૮૧ મુજબ</u>**

આ કામના ફરીયાદ પક્ષ ના કેસ મુજબ આરોપીએ ચાર્જશીટમા જણાવેલ તારીખે, સમયે અને સ્થળે તેમા જણાવ્યા મુજબ પોતાના કબજાના વાહનને પુરઝડપે અને બેફીકરાઈથી તેમજ ગફલતભરી રીતે અકસ્માત સર્જા અને માનવ જીંદગી જોખમાય તે રીતે ચલાવી આવી ગુન્હો કરેલ હોય, ભારતીય દંડ સંહિતાની કલમ–૨૮૧ મુજબ નો ગુન્હો કરેલ છે. જે મુજબ પોલીસ તરફથી ગુનાનુ ચાર્જશીટ રજુ કરેલ છે.

આ કામે આરોપી આજરોજ અદાલતમાં હાજર છે, અને આરોપીએ ગુન્હો કબુલ કરવાની લેખિત પુરસીસ આપતા તથા આરોપીએ અત્રેની કોર્ટ સમક્ષ એવી વિનંતી કરેલ છે કે, તે ગરીબ માણસ છે, મજુરી કરી ગુજરાન ચલાવે છે અને તેઓના કુટુબનો આધાર તેમની ઉપર છે અને આ તેમનો પ્રથમ ગુન્હો છે. જેથી તેઓને ઓછામા ઓછી સજા અને ઓછામા ઓછો દંડ કરવો જોઈએ. અને આ સાથે આરોપી જણાવે છે કે, આગળથી આવો ગુન્હો ફરીથી નહી બને તેવું તે ચોકકસપણે ઘ્યાન રાખશે.

હાલના કામે અત્રેની કોર્ટે ભારતીય દંડ સંહિતાની કલમ – ૨૮૧ વંચાણે લીધી તથા તેમાં આપેલ દંડની જોગવાઈ ઘ્યાને લીધી તેમજ આરોપીની સ્થિતી તેમજ ગુનાનુ સ્વરૂપ તેમજ તમામ પરીબળોને ઘ્યાને લીધા અને આ તમામ બાબતો ઘ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

આ કામના આરોપીને કબુલાત પુરસીસના આધારે તકસીરવાન ઠરાવીને ભારતીય દંડ સંહિતાની કલમ – ૨૮૧ મુજબના ગુન્હાના કામે રૂ.૫૦૦/– (અંકે રૂપીયા પાંચસો પુરા) નો દંડ ફરમાવવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો દિવસ–૦૨ (બે) ની સાદી કેદ ની સજા ફરમાવવામા આવે છે.

આ હુકમ આજ તારીખ: ૧૪મી, માહે: માર્ચ, સને: ૨૦૨૬ ના રોજ સ્પેશીયલ મેજીસ્ટ્રેટીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

કેશોદ.

તારીખ: ૧૪/૦૩/૨૦૨૬ (વાલજીભાઈ શાંમજીભાઈ પટેલ)

એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ

કેશોદ.

(gj01484)